# 2

## વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

***15/4/1832 શ્રી અક્ષયકુમાર ઈશ્વરભાઈ પટેલ**(કરજણ): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન વડોદરા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી, | (૧) કુલ- ૨૯૪. |
| (૨) તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) ઉક્ત ફરિયાદો પૈકી,<br>• ૭૫ ફરિયાદોમાં ૩૯૨ શ્રમયોગીઓને રૂ.૨,૮૧,૯૮,૬૧૧/-નું સમજાવટથી ચુકવણું કરાવવામાં આવેલ છે.<br>• ૩૨ ફરિયાદોમાં નામદાર અદાલતમાં કુલ ૪૧ કેસો દાખલ કરવામાં આવેલ છે.<br>• ૫૧ ફરિયાદોમાં અરજદારશ્રીઓને સક્ષમ સત્તાધિકારી સમક્ષ અરજી દાખલ કરવાની સલાહ આપવામાં આવેલ છે.<br>• ૦૪ ફરિયાદો બાબતે કુલ- ૦૪ કારખાના વિરુદ્ધ કુલ- ૧૧ ફોજદારી કેસો કરવામાં આવેલ છે.<br>• ૩૮ ફરિયાદોમાં સંસ્થા દ્વારા કાયદાનું પાલન કરવામાં આવેલ છે.<br>• ૩૩ ફરિયાદો નામદાર અદાલતમાં સબજ્યુડીશ હોઈ, હાલ કાર્યવાહી અર્થે નામદાર અદાલતમાં પડતર છે.<br>• ૧૮ ફરિયાદોમાં સમાધાન થયેલ છે.<br>• ૪૨ ફરિયાદોનો નિયમોનુસાર નિકલ કરવામાં આવેલ છે.<br>• તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ ૦૧ ફરિયાદ સમયમર્યાદામાં કાર્યવાહી હેઠળ છે. |

-----------------------